અપીલ અરજી નં.૩૦૯ તા.૨૧–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૭–૧૧–૦૯ ની અરજીથી ૧. શ્રમિક એકતા પરિષદના લેટર પેડ ઉપર તા.પ–૧૦–૦૯ ના રોજ અરજી કરેલ છે. મફતનગર નવી વસાહત સુરભિ એપાર્ટમેન્ટ સામેના વિસ્તારોમાં લાઈટો બંધ છે એ બાબતે આજ દિન સુધી કાર્યવાહી થઈ નથી? અરજીનો પ્રત્યુત્તર આપેલ નથી? વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૧–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૦૯/૨૦૦૯–૧૦

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૭–૧૧–૦૯ ની અરજીથી ૧. શ્રમિક એકતા પરિષદના લેટર પેડ ઉપર તા.પ–૧૦–૦૯ ના રોજ અરજી કરેલ છે. મફતનગર નવી વસાહત સુરભિ એપાર્ટમેન્ટ સામેના વિસ્તારોમાં લાઈટો બંધ છે એ બાબતે આજ દિન સુધી કાર્યવાહી થઈ નથી? અરજીનો પ્રત્યુત્તર આપેલ નથી? વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૩૨ તા.૯–૧૨–૦૯ થી આપેલ માહિતી તદ્દન ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૦ તા.૩૧–૧૨–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ અરજી સાથે મળેલ પ્રત્યુત્તર તથા મુળ અરજી સાથે જોડેલ નિર્દિષ્ટ અરજીઓની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૭–૧૧–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ. જે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૩૨ તા.૯–૧૨–૦૯ થી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ સુમપા ઈસ્ટઝોન વરાછાના ઝોનલ અધિકારી શ્રી ડી. એમ. જરીવાલાને શ્રમિક એકતા પરિષદના લેટર પેડ પર તા. પ–૧૦–૦૯ ના રોજ એક અરજી આપેલ છે. અરજીનો વિષય છે. મફતનગર નવી વસાહત સુરભિ એપાર્ટ.ના સામેના વિસ્તારમાં લાઈટપોલ બંધ છે એ બાબતની કાર્યવાહી થઈ નથી? અરજીનો પ્રત્યુત્તર આપેલ નથી તો અરજી બાબતે કાર્યવાહી કેમ નથી કરી એની માહિતીની માંગણી કરેલ. જે બાબતે મ. જાહેર માહિતી અધિકારી તરફથી મફતનગર નવી વસાહત સુરભિ એપાર્ટ. ના સામેના વિસ્તારમાં લાઈટો બંધ હોવા બાબતની ફરીયાદ અન્વયે જણાવેલ છે કે સદર વિસ્તારની લાઈટો પૈકી ઝુંપડપટ્ટીના દબાણમાં હોય મેઈન્ટેનન્સ વ્હીકલને પોલ સુધી જવાનો એપ્રોચ મળતો ન હોય તેવી લાઈટો સિવાયની તમામ લાઈટો કાર્યરત હાલતમાં છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૨. બીજી અરજી પણ તા.પ–૧૦–૦૯ ના રોજ આપેલ છે તે અરજીનો વિષય સહારા દરવાજા બહાર ગરનાળા પાસે આવેલ પંચશીલ આંબેડકર નગરના ઝુંપડવાસીઓને બે ટાઈમ પીવાનું પાણી મળી રહે એ બાબતની છે. જેની કોઈ કાર્યવાહી થયેલ નથી અથવા જવાબ આપેલ નથી. અરજી બાબતે ધ્યાન કેમ આપવામાં આવ્યું નથી? એની માહિતીની માંગણી કરેલ. જે બાબતે મ. જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૮ ઉમરવાડા સ્મીમેર હોસ્પિટલની બાજુમાં પ્રશ્નવાળી પંચશીલ આંબેડકરનગર વસાહત આવેલ છે પ્રશ્નવાળી ઝુંપડપટ્ટી રેલ્વેની સરકારી જગ્યામાં આવેલ છે તેમજ અરજદારને અગાઉ તા.પ–૬–૦૯ ની રજૂઆત અન્વયે પત્ર નં.૪૬પ તા.૨૧–૮–૦૯ થી જાણ કરવામાં આવેલ હતી તેમજ આઈ ડી નં.૨૦૦ તા.૨૧–૮–૦૯ અન્વયે પણ કચેરીએથી જવાબ આપવામાં આવેલ હતો. તેની માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૩ ત્રીજી અરજી તા.૨૨–૯–૦૯ ની છે અરજીનો વિષય લંબેહનુમાન રોડ, બોમ્બે માર્કેટ તરફ જવાના રસ્તા પર આવેલ દલિત વસાહતમાં પથ્થર બેસાડવાની બાબતની છે. તે બાબતે કોઈ કાર્યવાહી થયેલ નથી અથવા અરજી બાબત કોઈ લેખિતમાં જવાબ આપેલ નથી તેવી માહિતીની માંગણી કરેલ. જે બાબતે મ. જાહેર માહિતી અધિકારી તરફથી દલિત વસાહતમાં હયાત પથ્થરોનો સેટ/રીસેટ કરવા માટે અંદાજ તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી ટેન્ડર બહાર પાડવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. સદર આવશ્યક પ્રક્રિયા પ્રર્ણ થયા બાદ સ્થળે કામગીરી થઈ શકશે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે પંચશીલ આંબેડકરનગરની ઝુંપડાવાસીઓને પીવાનું પાણી મળે એની માંગણી કરેલ છે. રેલ્વેની જગ્યામાં નળીકા નાંખવાની માંગણી કરેલ નથી આપેલ જવાબ ખોટો અને કુદરતી સિધ્ધાંત વિરુધ્ધનું છે. અને સંતોષકારક નથી તેવું જણાવી તા.૨૧–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં પીવાના પાણી મેળવવાની કાર્યવાહીને લગતી રજૂઆત કરેલ છે. અરજદારે તા.પ–૧૦–૦૯ ની બીડેલ આ બાબતની અરજીમાં પણ અરજદારે પીવાના પાણીની સુવિધા વૈકલ્પિક રીતે પૂરી પાડવા બાબતની રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માત્ર નળીકા નાંખવાના સંદર્ભમાં પ્રત્યુત્તર પાઠવેલ છે. જે માંગેલ માહિતી અરજી સંદર્ભે પૂરતી ગણાય નહી.

મુદ્દા નં.૧ અને ૩ અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી બાબતે અરજદારની અપીલમાંની નારાજગીને સમર્થન મળતું નથી તેથી તે અંગે અરજદારની તકરાર ગ્રાહય રાખવા પાત્ર થતી નથી.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ પાણીની સુવિધા બાબતે અરજદારની તા.પ–૧૦–૦૯ ની અરજીની ઉપલક્ષ્યમાં થયેલ કાર્યવાહીની હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ